પ્રદેશ કોંગ્રેસ માળખામાં ધરખમ ફેરફાર

૧૩ શહેર-જિલ્લા પ્રમુખો, ૧૦ ઉપાધ્યક્ષ, ૧૪ મહામંત્રી, સાત પ્રવકતા નિમાયા : ૧૨૫ બેઠકો જીતવા માટે લક્ષ્યાંક

અમદાવાદ,તા. ૨૪

રાજયસભાની ચૂંટણી જીત્યા બાદ કોંગ્રેસ પક્ષમાં એક નવા ઉત્સાહ અને ઉર્જાનો સંચાર થયો છે, તે આગામી દિવસોના ચૂંટણીલક્ષી ભરચક કાર્યક્રમો અને ચૂંટણીને ધ્યાનમાં રાખી લેવાઇ રહેલા મહત્વના નિર્ણયો પરથી સ્પષ્ટ થાય છે. જેના ભાગરૂપે જ ગુજરાત કોંગ્રેસના માળખા-સંગઠનમાં બહુ મોટાપાયે ફેરફારો કરવામાં આવ્યા હતા. આ જમ્બો ફેરફારો સાથે જ ગુજરાત કોંગ્રેસમાં ચૂંટણીનો ધમધમાટ તેજ અને વેગવંતો બન્યો છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા પાંચ ચૂંટણીલક્ષી સમિતિ અને ચૂંટણી ઢંઢેરા સમિતિની રચના કરવામાં આવી છે, તો સાથે સાથે રાજયમાં ૧૩ શહેર-જિલ્લા પ્રમુખો, ૧૦ ઉપાધ્યક્ષ, ૧૪ મહામંત્રી અને સાત પ્રવકતાની નિમણૂંક કરી દેવામાં આવી છે. બીજીબાજુ, ગુજરાત કોંગ્રેસે આજે ફરી એકવાર ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓમાં કોઇપણ ભોગે ૧૨૫ બેઠકો જીતવાના લક્ષ્યાંકનો મક્કમ નિર્ધાર વ્યકત કર્યો હતો. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા ગુજરાત કોંગ્રેસના સંગઠન-માળખાના ફેરફાર અને તેની નવી નિમણૂંકોને મંજૂરી આપતાં આજે તેની સત્તાવાર જાહેરાત કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની વ્યૂહરચનાના ભાગરૂપે ગુજરાત કોંગ્રેસ દ્વારા તેના સંગઠન-માળખામાં બહુ મહત્વના અને ધરખમ ફેરફારો કરાયા છે. આ સાથે કોંગ્રેસે નવા ૧૨૦ સૈનિકોની ફૌજ તેના બળમાં ઉમેરી દીધી છે. વધુમાં, જૂના ૮૫થી વધુનું સંગઠન માળખું તો યથાવત્ રહેશે જ. જો કે, આજે ગુજરાત કોંગ્રેસ દ્વારા કરાયેલી જાહેરાત મુજબ, પાંચ ચૂંટણીલક્ષી સમિતિઓની રચના કરવામાં આવી છે, જેમાં ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષપદે પક્ષના સિનિયર નેતા સિધ્ધાર્થ પટેલની નિયુક્તિ કરવામાં આવી છે. આ સિવાય કોંગ્રેસના વરિષ્ઠ નેતા મધુસૂદન મિસ્ત્રીના વડપણ હેઠળ ચૂંટણી ઢંઢેરા સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં અન્ય બે સભ્યોમાં દિપક બાબરીયા અને ગૌરવ પંડયાનો સમાવેશ કરાયો છે. આ જ પ્રકારે ચૂંટણી પ્રચાર અને મટીરીયલ કમીટીના ચેરમેન તરીકે અર્જુન મોઢવાડિયા અને કન્વીનર તરીકે ડો.વિજય દવેની નિમણૂંક કરવામાં આવી છે. ચૂંટણી મીડિયા સમિતિના ચેરમેનપદે પક્ષના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલને મૂકાયા છે અને તેમની સાથે કન્વીનર તરીકે હિમાંશુ વ્યાસને રખાયા છે. જયારે શહેરી વિસ્તારો માટે ચૂંટણી કો-ઓર્ડિનેશન કમીટીના ચેરમેન તરીકે નરેશ રાવલની નિયુકિત કરવામાં આવી છે. આ સિવાય રાજયમાં ૧૩ શહેર-જિલ્લા પ્રમુખો, ૧૦ ઉપાધ્યક્ષ, ૧૪ મહામંત્રી, ૬૩ મંત્રી, સાત પ્રવકતાની મહત્વની નિમણૂંકો કરી દેવામાં આવી છે. તો, ચાર સભ્યોની એકઝીકયુટીવ કમીટી અને ૯ ખાસ આમંત્રિત સભ્યોની નિયુકિત પણ કરવામાં આવી છે. આ તમામ નિમણૂંકો અને પ્રદેશ માળખામાં ફેરફાર સાથે જ કોંગ્રેસ પક્ષ દ્વારા નાના કાર્યકરથી માંડી ટોચના નેતાઓ સૌકોઇને ગુજરાતની આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોઇપણ હિસાબે ૧૨૫ બેઠકોનો લક્ષ્યાંક હાંસલ કરવામાં લાગી જવા હાકલ કરવામાં આવી છે.

૧૪ બેઠકો પર જીત મેળવવી કોંગ્રેસના માટે પ્રતિષ્ઠાજનક

જીતેલી બેઠકો છીનવાય નહી તે હેતુથી યુવા અને લોકપ્રિય ઉમેદવારોને આ બેઠકો ઉપરથી ચૂંટણી લડાવવા કવાયત

અમદાવાદ,તા. ૨૪

ગુજરાત કોંગ્રેસ છોડીને ગયેલા બળવાખોર ધારાસભ્યોને પગલે રાજય વિધાનસભાની ખાલી પડેલી ૧૪ બેઠકો પર જીત મેળવવી એ હવે કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો સવાલ બની ગયો છે. કોંગ્રેસના નિશાન પર જીતાયેલી આ બેઠકો આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં છીનવાય નહી અને ખાસ કરીને ભાજપના હાથમાં ના જતી રહે તે માટે કોંગ્રેસ દ્વારા યુવા અને લોકપ્રિય ઉમેદવારોને આ બેઠકો પરથી ચૂંટણી લડાવવાનું મન બનાવ્યું છે. આ માટે ઉમેદવારોની પસંદગીની કવાયત પણ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા શરૂ કરી દેવાઇ છે.

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓમાં ૧૨૫ બેઠકો જીતવાના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરી રહેલી ગુજરાત કોંગ્રેસે બળવાખોર ધારાસભ્યોના જવાથી ખાલી પડેલી ૧૪ બેઠકો ગમે તેમ કરીને જીતવા ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એક પછી એક ૧૪ બળવાખોર ધારાસભ્યો જતાં રહેતાં કોંગ્રેસના ધારાસભ્યોનું ૫૭નું સંખ્યાબળ ઘટીને ૪૩ થઇ ગયું છે અને તેથી કોંગ્રેસ હવે તેનું આ સંખ્યાબળ વધારવાની ફિરાકમાં છે. આ ૧૪ વિધાનસભા બેઠકોના મતવિસ્તારમાંથી કયા ઉમેદવારોને ચૂંટણીમાં ઉભા રાખવા અને પ્રજા કોની સાથે છે તે બાબતને લઇ કોંગ્રેસે આ મતક્ષેત્રોમાંથી તેમ જ સ્થાનિક કક્ષાના લોકોના સૂચનો અને મંતવ્યો મંગાવ્યા છે. કોંગ્રેસ તેનો અભ્યાસ કર્યા બાદ તેને ધ્યાનમાં રાખીને આ બેઠકો પરથી કોઇ યુવા અને લોકપ્રિય ઉમેદવારને ઉભા રાખવાનું વિચારી રહી છે કે જેથી બેઠકો પાછી કોંગ્રેસના ખિસ્સામાં આવી જાય. આ સિવાય વધારાની બેઠકો જીતવાનું પણ કોંગ્રેસનું આયોજન છે પરંતુ મુખ્ય ધ્યાન આ ૧૪ વિધાનસભા બેઠકો પર કેન્દ્રિત કરાયું છે કારણ કે, આ બેઠકો પર જીત મેળવવી કોંગ્રેસ માટે હાલના સંજોગો જોતાં પ્રતિષ્ઠા અને ઇજ્જતનો સવાલ છે. દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ફરી એકવાર પુનરોચ્ચાર કર્યો હતો કે, કોંગ્રેસ આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ૧૨૫ બેઠકો જીતશે. જે ૧૪ બેઠકો બળવાખોર ધારાસભ્યોના જવાથી ખાલી પડી છે.

પૂર સમયે ભાજપની નિષ્ફળતા મામલમાં આવેદનપત્ર આપશે

વિપક્ષના નેતા રાઠવાની અધ્યક્ષતામાં આવેદન અપાશે : ઉત્તર ગુજરાતના કોંગ્રેસી સભ્યોએ રાજયપાલની મુલાકાત લઇ પૂરપીડિતોની વ્યથા રજૂ કરી, સહાયતાની માંગ કરી

અમદાવાદ, તા.૨૪

વિધાનસભામાં વિરોધપક્ષના નેતા મોહનસિંહ રાઠવાની અધ્યક્ષતામાં પૂરગ્રસ્ત અને અતિવૃષ્ટિના સમયમાં ભાજપ સરકારની નિષ્ફળતાના મુદ્દે કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી દિવસોમાં રાજયપાલને આવદેનપત્ર સુપ્રત કરવામાં આવશે. ખાસ કરીને ઉત્તર ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રના ખેડૂતોને સૌથી વધુ નુકસાન થયું છે અને તેઓના પાક, જમીન, ઘરબારનું ધોવાણ થઇ ગયું છે. હજુ પણ સેંકડો અસરગ્રસ્તો સરકારી સહાય વિના ટળવળી રહ્યા છે ત્યારે પૂરગ્રસ્ત પીડિતો અને અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય ચૂકવવા માટે આવેદનપત્રમાં કોંગ્રેસ દ્વારા માંગણી કરવામાં આવશે. દરમ્યાન કોંગ્રેસપક્ષના ઉત્તર ગુજરાતના ધારાસભ્યો સહિતના પ્રતિનિધિમંડળે આજે રાજયપાલ સાથે મુલાકાત કરી પૂરની સમગ્ર પરિસ્થિતિ અને સહાયથી વંચિત પીડિતોની વ્યથા સહિતના મુદ્દે રજૂઆત કરી હતી. કોંગ્રેસના ધારાસભ્યોના આ પ્રતિનિધમંડળે તિરાડ પડેલ મકાનો સહિતના કેટલાક કિસ્સામાં પૂરપીડિતોને સહાયથી વંચિત રાખવામાં આવ્યા છે અને હજુ સુધી ઘણા કિસ્સામાં સહાયનો એક રૂપિયો ચૂકવાયો નથી તેવી રજૂઆત સાથે તાત્કાલિક સહાય ચૂકવવા અને પીડિતોના પુનઃસ્થાપન માટે માંગ કરવામાં આવી હતી. કોંગ્રેસના ઉત્તર ગુજરાતના ધારાસભ્યો ગોવા રબારી સહિતના ધારાસભ્યો પ્રતિનિધિમંડળમાં જોડાયા હતા.

સાબરકાંઠા ડી.કો.ઓ. બેન્ક લી.ના ચેરમેન મહેશભાઈ એ. પટેલ તથા રાજેન્દ્રસિંહ ચાવડા દ્વારા બનાસકાંઠા પૂર રાહત પીડિતો માટે ૧૫ લાખનો ચેક મુખ્યમંત્રી વિજય રૂપાણીને આપતા તસવીરમાં જણાય છે.

પાલનપુરની હરિપુરા શાળાનો વિવાદ વકર્યો

જિલ્લા મથક પાલનપુરમાં આવેલ હરિપુરા વિસ્તારની પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષિકાને લઈને વિવાદ દિનપ્રતિદિન વધી રહ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા બદલી કરવામાં આવી છતાં શાળામાં મુખ્ય શિક્ષિકા નસીમાબેન શેખ હાજર થતા વાલીઓ અને વિધાર્થીઓ શાળાને તાળા મારી દીધા હતા. છેલ્લા કેટલાય દિવસથી શાળામાં ચાલતો આચાર્ય મહિલા શિક્ષિકાના વિવાદ કારણે શાળામાં અભ્યાસ કરતા વિધાર્થીઓના શિક્ષણ પર માઠી અસર જોવા મળી રહી છે. શાળામાં અભ્યાસ કરતા બાળકોની ગેરહાજરીના લીધે અન્ય શિક્ષકોને શાળાની બહાર બેસી રહેવું પડ્યુ હતું. વાલીઓ અને વિધાર્થીઓએ જણાવ્યું હતું જ્યાં સુધી શાળાની વિવાદિત શિક્ષિકા શાળા નહિ છોડે ત્યાં સુધી શાળામાં તાળા મારેલા રહેશે.

અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા હજયાત્રીઓને શુભેચ્છાઓ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસામાંથી આ વર્ષે મુસ્લીમ સમુદાયમાંથી કુલ ૧૪૫ હજયાત્રીઓ હજ પઢવા જઈ રહ્યાં છે. ત્યારે મોડાસા ભાજપે નવા અભિગમ સાથે નવતર પ્રયોગના ભાગરૂપે દરેક હજયાત્રીના નિવાસસ્થાને જઈ જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી સાથે શહેર પ્રમુખ જગદીશ ભાવસારે ફૂલહાર આપી શુભેચ્છાઓ પાઠવી હતી. રાજકીય પક્ષની આવી કામગીરીને મુસ્લીમ સમુદાયે બિરદાવી હતી. જેને સર્વત્ર આવકાર મળી રહ્યો છે.

મોડાસા શહેર ભાજપ તરફથી છેલ્લા ચારેક દિવસથી શહેર પ્રમુખ જગદીશ ભાવસારની રાહબરી હેઠળ જીલ્લા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ આફતાબભાઈ દુરાની, શહેર ભાજપ મંત્રી રણધીર ચુડગર, યશવંત વ્યાસ, જમાલભાઈ મેઘરેજી સહિતનાઓ હજયાત્રીના નિવાસસ્થાને જઈ ફૂલહાર અને શુભેચ્છાપત્ર અર્પણ કરી ભાવભીની વિદાય પાઠવેલ હતી. આ પ્રવૃત્તિને સારો એવો પ્રતિસાદ મુસ્લીમ સમાજમાંથી મળી રહ્યો છે.

મેઘરજ પંથકમાં મહિલાની ચોટલી કપાવાનો ખૌફથી મહિલા બેભાન

મેઘરજ, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની રોયણીયા ગામની મહિલાની ચોટલી કપાવાની ઘટનાને ૪૮ કલાકનો સમય પણ વીત્યો નથી ત્યાં બીજી એક ભેમાપુર (માંડલી) ગામની ખેતરમાં શૌચક્રિયા કરવા ગયેલી મહિલાને પાછળથી કોઈ વાળ ખેંચાતું હોવાનો અહેસાસ થતા બેભાન થઈ ઢળી પડતા પરિવારજનો દોડી આવ્યા હતા અને બેભાન બનેલી મહિલાને મેઘરજ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. આ ઘટનાની જાણ વાયુ વેગે મેઘરજ પંથકમાં પ્રસરતા મહિલાઓ ચિંતામાં ગરકાવ થયી ગયી છે. મેઘરજ પોલીસે ચોટલી કપાયાની ઘટનાસ્થળે જઈ તપાસ કરતા મહિલાની ચોટલી કે કપાયેલા વાળ કઈ હાથ લાગ્યું નહોતું.

મેઘરજના ભેમાપુર (માંડલી) ગામની ૨૬ વર્ષીય ભાવનાબેન રાજુભાઈ કટારા નામની મહિલા બુધવારે સાંજના સુમારે ઘર નજીક આવેલા ખેતરમાં શૌચક્રિયામાટે ગયી હતી. શૌચક્રિયા ગયેલી મહિલા લાંબા સમય સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોમાં ફાળ પડી હતી. જેથી ખેતરમાં તપાસ કરતા મહિલા બેભાન હાલતમાં ખેતરમાં પડેલી જોતા પરિવારજનો તાત્કાલિક મહિલાને ખાનગી વાહન મારફતે મેઘરજ ખાનગી હોસ્પિટલ માં ખસેડાતા મહિલાને હોશ આવતા મહિલાએ પરિવારજનોને જણાવ્યું હતું કે ખેતરમાં મારા માથાના વાળ કોઈ પાછળથી ખેંચતું હોય તેવું લગતા પાછળ વળીને જોતા કાળા કલરનું મોટી સાઈઝનું ભમરા જેવું જીવળુ જેવું કેક દેખાતા ગભરાયી ગયી હતી અને ઘર તરફ દોડતી દોડતી આવતી હતી ત્યારે અચાનક રસ્તામાં બેભાન થઈ ઢળી પડી હતી. આ ઘટનાની જાણ મેઘરજ પોલીસને થતા હોસ્પિટલ ખાતે પહોંચી મહિલાની પૂછપરછ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ તાલુકો અરવલ્લી જિલ્લાનો અંતરિયાળ તાલુકો હોવાથી અને તાલુકામાં મોટાભાગની પ્રજા આદિવાસી, બક્ષીપંચ અને દલિત સમાજની હોવાથી અને અવિકસિત હોવાથી ચોટલી કપાવાની ઘટનાનું ઝડપથી સત્ય હકીકત બહાર લાવવામાં નહિ આવે તો આગામી ટૂંક સમયમાં ચોટલી કાંડનું ભૂત મેઘરજ પંથકમાં હાવી થઈ જશે અને બિચારી અભણ ભોળી પ્રજા ચોટલી કાંડના ખૌફ હેઠળ ભૂત-ભુવાના સકંજામાં સપડાઈ રૂપિયા બરબાદ કરશે તેવું મેઘરજના જાગૃત નાગરિકે ભારપૂર્વક જણાવી પોલીસ તંત્ર અને વહીવટી તંત્રે ચોટલી કાંડની ઘટનાથી ખોટી અફવા ના ફેલાય અને મહિલાઓમાં જાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો હાથ ધરાવા જોઈએ તેવું મેઘરજ પંથકના પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"હા વાત સાચી છે... ડેરા સચ્ચાના અનુયાયીઓનો રાજકીય લાભ મત સ્વરૂપે લેવો હોય ત્યારે આપણને આ બધુ યાદ નથી આવતું... આજે જ આ બધુ યાદ આવે છે..?!" "ના ભાઈ ના... એ જ રામાયણ છે ને... કે રાજકારણવાળાને ધર્મના ધતિંગબાજોની ગરજ છે અને ધતિંગબાજોને રાજકારણીઓની ગરજ છે..!! બસ આ સાંઠગાંઠે જ આ સ્થિતિ ઉભી કરી છે..!"

"હવે તોડવી જ જોઈએ આ સાંઠ-ગાંઠ... નહીં તો એક દિવસ ખાના-ખરાબીનો આવી જશે... નાત-જાત વચ્ચે અથડામણ નહીં થાય પણ સંપ્રદાય-સંપ્રદાય વચ્ચે થશે અને શ્રદ્ધાના નામે સમાજના વિવિધ વર્ગોનું શોષણ થશે..!!"

"બહુ જ સાચી વાત છે..! શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેની ભેદરેખાને સમજવાની શક્તિ જ્યાં સુધી નહીં કેળવાય ત્યાં સુધી ડેરા સચ્ચા જેવા કહેવાતા ગુરૂઓ સમાજની સંવાદિતતાને ડહોળતા રહેશે... તોડતા રહેશે... અને એમની ખીચડી પકાવતા રહેશે..!!" - નિમિત્ત માત્ર

'ગણેશમય' બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ છે. સ્થાનિક કલાકારાને સ્ટેજ મળે તે માટે વિવિધ સાંસ્કૃતિક અને સંગીતના કાર્યક્રમો પણ યોજાશે. સવારે વિવિધ પાંચ ઠેકાણેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. બેન્ડની સુરાવલી અને ગણપતિ બાપા મોરીયાના જયઘોષ વચ્ચે શ્રીજીની શોભાયાત્રા નગરના વિવિધ સેકટરોમાં ફરી નિયત સ્થળે પહોંચશે. જયાં ભગવાન ગણેશજીની સ્થાપના અને પુજા અર્ચના કરી વિધિવત સ્થાપન કરવામાં આવશે.

ભોળાનાથની ભકિત આરાધના બાદ હવે નગરજનો ભગવાન ગણેશજીની પુજા અર્ચનામાં તલ્લીન બનશે. શહેરના સેકટરોમાં તેમજ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ અનેક ઠેકાણે ગણેશજીની પુજા અર્ચના માટે ગણેશોત્સવનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જયારે નગરમાં પણ વિવિધ પાંચ ઠેકાણે ગણેશોત્સવનુ ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે આજે સવારે વિવિધ ઠેકાણેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ગણેશોત્સવના આયોજન અન્વયે આજે સવારે નગરના અગ્રણી અરૂણ બુચના નિવાસ સ્થાન સે-૨૦ પ્લોટ નં-૨૨૦ અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ ખાતેથી સવારે ૧૦ કલાકે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. જે શહેરમાં વિવિધ રૂટ પરથી પસાર થઇ રંગમંચ પાસે પહોંચશે. જયાં વોટર પ્રુફ ડોમમાં શ્રીજીની ભવ્ય મુર્તિની સ્થાપના તેમજ પુજા આરતી કરવામાં આવશે. સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ગણેશોત્સવ અન્વયે રોજ રાત્રિના ૮ : ૩૦ કલાકે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ સમ્સ્ત બ્રહ્મસમાજ દ્વારા ગણેશોત્સવનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે સે-૨૩ બ્લોક નં-૧૦૪ :૫ છ ટાઇપમાં નરેન્દ્ર વ્યાસના નિવાસ સ્થાનેથી સવારે ૮ કલાકે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. નગરના વિવિધ માર્ગો પર પરિભ્રમણ કરી યાત્રા સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે પહોંચશે. ડી જે ના સુર સાથે નિકળનારી યાત્રાના અંતે બ્રહ્મભવન પાસે સ્થિત પંડાલમાં શ્રીજીની પુજા અર્ચના અને આરતી કરવામાં આવશે. રાત્રિના સમયે વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨ સી ઉપરાંત સે-૫ બીમાં પણ ગણેશોસ્તવની ઉજવણી કરાશે. જયારે સે-૫ બી માં પણ જય ગોગાયુવક મંડળ દ્વારા પણ શ્રીજીની પુજા અર્ચના સાથે ડાયરો અને ગરબા, સત્યનારાયણ ભગવાનની કથા સહીતના ધાર્મિક કાર્યક્રમો યાજાશે.ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સે-૩ ડી માં પણ ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સેકટરમાં પ્લોટ નં ૧૪૯૪ : ૨ ખાતેથી સવારે ૭ : ૩૦ કલાકે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. સે-૫ બી વિનાયક યુવક મંડળ દ્વારા પણ ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. શ્રીજીની શોભાયાત્રા સવારે ૮ કલાકે સેકટરના મહાકાળી મંદિરેથી નિકળશે . વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવશે. લોટપીપર , દોડ સહીતની વિવિધ રમતો પણ યોજાશે. યુનાઇટેડ ચેરીટેબલ ટ્રસ્ટ સે-૭ સી દ્વારા પણ ગણેશોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આજે બપોરે ૧ કલાકે શોભાયાત્રા યોજાશે.

તન દુરસ્તી... ● ૪ પાનાનું ચાલુ...

તકેદારી રાખવાની થાય, ધ્યાન રાખવાનું થાય, સરકાર અને વિરોધપક્ષ કારણ વગરના નકામા ઉજાગરા કરી એકબીજાને ગાળો ન દેવી જોઈએ. અત્યારે સરકાર એવું ફરમાન જાહેર કર્યું છે કે કેટેગરી - સી જો હોય તો જ સ્વાઈન ફ્લુનો ટેસ્ટ માન્યતા ધરાવતી લેબોરેટરી કરી શકે. પહેલા સમજી લઈએ કે માન્યતા ધરાવતી લેબોરેટરી એટલે શું ? એટલે સરકાર દ્વારા નક્કી કરી સારા એવા સાધનોથી સુસજ્જ જે લેબોરેટરી હોય તેનું પરીક્ષણ કરીને, બહુ નિચોડપૂર્વક તારણ કરીને એમને સ્વાઈન ફ્લુનો ટેસ્ટ કરવાની પરવાનગી આપવામાં આવે છે. હવે કેટેગરી - સી એટલે શું ? કેટેગરી સી સમજતા પહેલાં કેટેગરી એ અને બીને સમજવી જોઈએ. કેટેગરી - એ એટલે કે જે દર્દીને સામાન્ય ગળાનો દુખાવો થતો હોય, થોડો તાવ આવતો હોય તેને કેટેગરી-એ કહેવામાં આવે છે. કેટેગરી-બી એટલે શું ? કેટેગરી-બી એટલે તાવ આવતો હોય, ઉધરસ વધારે હોય, ગળામાં વધારે પ્રમાણમાં દુઃખાવો થતો હોય અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય તેને કેટેગરી-બી કહેવામાં આવે છે. જ્યારે કેટેગરી-સી એટલે જે દર્દીને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોય, જેને ઓક્સિજન આપવામાં આવે, જેને વેન્ટીલેટર પર રાખવામાં આવે અથવા તો ન રાખવામાં આવે એટલે કે જેની પરિસ્થિતિ ખરાબ હોય, જેને નિમોનિયા છાતીમાં થઈ ગયો હોય, કોમા જેવી અસર લાગતી હોય તેને કેટેગરી - સી કહેવાય. અને કેટેગરી-સી હોય તો તેનો સ્વાઈન ફ્લુનો ટેસ્ટ થાય.

સાહેબ આ કેટેગરીમાં લીધેલા બધા જ ટેસ્ટ લગભગ પોઝીટીવ જ આવતા હોય. સવાલ એ થાય કે કેટેગરીમાં એટલે કે સી કેટેગરીમાં જાય ત્યારે ટેસ્ટ કરવો અથવા તો શંકાસ્પદ હોય ત્યારે ટેસ્ટ કરવો. પહેલા બીજ કે વૃક્ષ ? પહેલા ઈંડુ કે મુરઘી ? આવી વાત છે. આપણા કરતાં વધારે હોંશિયાર માણસો, ડૉક્ટરો ઉપર બેઠા છે, એ લોકો નક્કી કરે છે કે કઈ કેટેગરીનો ટેસ્ટ કરવો જોઈએ અને કેમ કરવો જોઈએ. એના કારણ બહુ જ છે. સમજવા જઈએ તો અઘરા પડે. પણ આ બધા કરતા જેને જેને સ્વાઈન ફ્લુની શક્યતા લાગે છે તેને ટેસ્ટ કર્યા સિવાય સ્વાઈન ફ્લુની દવા સરકાર આપી દે છે એ સારું કામ કરે છે. વધારે પડતાં કેટેગરી એ અને બીના ટેસ્ટ કરી સમાજમાં, સરકારમાં, વિરોધ પક્ષમાં અને ચારેબાજુ ખોટા બુમબારાડા પાડી સમાજમાં લોકોને ગભરાઈ ન જાય માટે સરકાર કેટેગરી - સીના ટેસ્ટને અગ્રતા આપે છે. ઘણાં એવું પણ કહેતા હોય છે કે જો સરકાર જાગ્રત હોય અને જેટલા હોય એટલા ટેસ્ટ પોઝીટીવ હોય તેને નીડરતાથી - નિર્ભયપણે જો કરે તો પણ કાંઈ ખોટું નથી. કારણ કે કેટેગરી - એ માંથી બી અને બીમાંથી સી જતાં દર્દીને બચાવવા માટે પહેલાં જ ટેસ્ટ કરાવવો જોઈએ. પણ આપણા કરતાં વધારે હોંશિયાર માણસો સરકારમાં છે એટલે એ લોકો જે કંઈ કહે તે સાચું. આપણે તો માત્ર લોકોનું ધ્યાન ખેંચવા માટે વધારે પડતી જાગ્રતિ લાવવા માટે જ પ્રયત્ન કરી શકીએ. બાકી સ્વાઈન ફ્લુથી ગભરાવાની જરૂર નથી. અને હું ફરીથી કહું છું કે લીબું, મીઠું, આદુ, હળદર, અજમો નાંખીને જો રોજ સવારે પાણી વગરનું શરબત અડધા કપ સુધીનું લેવામાં આવે તો સ્વાઈન ફ્લુ તમને નહીં થાય...! તુલસી તેમજ અરડુસી અને કડવા પીણાંથી પણ સ્વાઈન ફ્લુને જાકારો ન આપી શકાય તો કહી નહીં પણ કંટ્રોલમાં તો કરી શકાય.

હસ્તાક્ષર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીના જણાવ્યા મુજબ બંને દેશોના રક્ષા હિત એક બીજા પર નિર્ભર છે. ખુલ્લી સરહદનો દુરૂપયોગ રોકવા માટે બંને દેશોની એજન્સીઓ વચ્ચે સંતુલન વધારવાની પણ વાત કરી હતી. પીએમ મોદીએ રામાયણ ટૂરિઝમ સર્કિટને નેપાળથી જોડવા માટે ચાલી રહેલા હાઈડ્રો પાવર પ્રોજેક્ટસને પૂરો કરવા, પંચેશ્વર પ્રોજેક્ટની ઢૅઈને અંતિમ રૂપ આપવા તેજી લાવવાની વાત કરી હતી. નેપાળમાં હાઈડ્રો ઈલેક્ટ્રીસિટી પ્રોજેક્ટ અરૂણ -ઉના ઉદ્ઘાટન માટે આમંત્રણ મળવા અંગે પણ મોદીએ નેપાળના વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

મૂળભૂત અધિકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંગતતાના અધિકાર પણ સંપૂર્ણ હોઈ શકે નહીં. સરકારના અંગતતાના અધિકાર ઉપર તર્કપૂર્ણરીતે પ્રતિબંધ મુકવાના અધિકાર આપવામાં આવ્યા છે. આનો મતલબ એ છે કે, સરકારના દરેક કાયદાને હવે એવા ચશ્મા સાથે પણ જોવામાં આવશે તો તેમા તર્કપૂર્ણ પ્રતિબંધની જોગવાઈ છે કે કેમ. કાયદાકીય તર્કપૂર્ણ પ્રતિબંધની હદમાં છે કે કેમ. આધાર કાર્ડ હેઠળ આપવામાં આવેલી ખાનગી માહિતી પર અસર પડી શકે છે. અલબત્ત આધાર કાર્ડના મામલામાં પાંચ જજની બેંચ દ્વારા સુનાવણી કરવામાં આવશે. આમા અલગથી સુનાવણી થશે. બેંચ જોશે કે આધારમાં લેવામાં આવેલા ડેટા અંગત અધિકાર હેઠળ કોઈ કાયદાનો ભંગ છે કે કેમ. સરકારને હવે સાબિત કરવું પડશે કે તેના દ્વારા લેવામાં આવેલી માહિતી તર્કપૂર્ણ પ્રતિબંધની હદમાં છે. હજુ સુધી આવી સ્પષ્ટતા ન હતી કે, અંગતતાના અધિકાર મૂળભૂત અધિકાર હેઠળ છે કે કેમ. જેથી સરકારના અધિકાર અમર્યાદિત હતા. આની સૌથી અસર તો એ થશે કે સરકાર અથવા તો અન્ય કોઈપણ અંગત માહિતી મંજુરી વગર જાહેર થઈ શકશે નહીં. એટલે કે આધાર કાર્ડ, પેન કાર્ડ, ક્રેડિટ કાર્ડમાં નોંધવામાં આવેલી માહિતી જાહેર થશે નહીં. અંગતતાના અધિકારનો ભંગ થવાની સ્થિતિમાં હવે વ્યક્તિ કોર્ટમાં જઈ શકશે. ઐતિહાસિક ચુકાદામાં નવ જજની બેંચે સર્વસંમતિથી આ ચુકાદો આપ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે, વ્યક્તિગત અંગતતા મૂળભૂત અધિકાર તરીકે છે. તેના ૧૯૬૨ અને ૧૯૫૪ વચ્ચેના ૫૫ વર્ષ જુના ચુકાદાને ઉથલાવી દેવામાં આવ્યા છે. જો કે, કોર્ટે આધાર મામલે સુનાવણી મોકૂફ કરી છે. રાષ્ટ્રીય હિતોના વ્યાપક હિતમાં ધ્યાન અપાશે. ચીફ જસ્ટિસ જેએસ ખેહર દ્વારા ટૂંકુ નિવેદન અપાયું હતું. ચીફ જસ્ટિસ ખેહરના નેતૃત્વમાં સુપ્રીમની નવ જજની બેંચે આ ચુકાદો આપ્યો હતો.

'ધર્મ' સંકટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કન્ટ્રોલ રૂમમાં ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવી રહી છે. ચંદીગઢ અને હરિયાણા પોલીસે નંબર જાહેર કર્યો છે, જેના પર કોઈ પણ ફોન કરીને માહિતી આપી શકે છે. પળપળમાં પોલીસ તૈનાત કરવામાં આવી છે. ડેરા સમર્થકોની સંખ્યાને જોતા પોલીસ તેમજ પેરામિલિટ્રી ફોર્સનું ટેન્શન વધી ગયું છે.